સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 07

[FEB - 2020]
[09/02/20 to 15/02/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

ICE CURRENT NEWS
WEEK 07
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.

## CURRENT TOPICS

- 92મો ઓસ્કાર એવોર્ડ્સ 2020 : સૌપ્રથમ વખત બિન અંગ્રેજી ભાષાની ફિલ્મ 'પેરેસાઈટ'ને મળ્યો બેસ્ટ ફિલ્મનો એવોર્ડ
- સરકારી નોકરી-બઢતીમાં અનામત મૂળભૂત અધિકાર નથી : સુપ્રીમ કોર્ટ
- 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે મધ્યપ્રદેશને પ્રથમ એવોર્ડ એનાયત
- સૂર્યના અભ્યાસ માટે NASA-ESAનું Solar Orbiter લૉન્ચ
- શ્રી મનપ્રીત સિંહ FIH Player of the Year Award જીતનાર ભારતના પ્રથમ હોકી ખેલાડી બન્યા
- અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2020માં ભારતને પરાજય આપી બાંગ્લાદેશ પ્રથમ વખત ચેમ્પિયન


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 09 FEBRUARY, 2020 SUNDAY

### ➤ ગુજરાત કેડરના IPS ઓફિસર શ્રી મનોજ શશીધરની CBIના સંયુક્ત ડિરેક્ટર તરીકે નિમણૂક



ગુજરાત કેડરના 1994ની બેચના IPS ઓફિસર શ્રી મનોજ શશીધરની CBIના સંયુક્ત ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી મનોજ શશીધર ગુજરાતમાં ગાંધીનગર CIDના અધિક પોલીસ નિર્દેશક તરીકે ફરજ બજાવી રહ્યા હતા.
- હવે CBIના જોઈન્ટ ડિરેક્ટર તરીકે 5 વર્ષ માટે તેમની નિમણૂક કરવામાં આવી છે.

**CBI**

CBI ભારતની અગ્રણી **તપાસ એજન્સી** છે. તેનું પૂરું નામ 'Central Bureau of Investigation' છે.

- CBIની સ્થાપના 'Special Police Establishment (SPE)' તરીકે 1941માં થઈ હતી.
- ત્યારબાદ તેના અધિકાર અને કાર્યવાહી 'Dilhi Special Police Establishment Act, 1946' દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.
- અને તેને 1 એપ્રિલ, 1963ના રોજ ગૃહ મંત્રાલયના એક ઠરાવ દ્વારા તેનું **વર્તમાન નામ** –Central Bureau of Investigation (CBI) આપવામાં આવ્યું હતું.
- સ્થાપના સમયે તેનું વડું મથક **લાહોર** ખાતે હતું.
- CBIનું વર્તમાન વડું મથક **નવી દિલ્હી**માં **લોધી રોડ** ખાતે આવેલું છે.
- CBIનો મોટો 'Industry, Impartiality, Integrity' છે.
- CBI ભારત સરકારના Personnel, Public Grievances and Pensions મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

**નોંધ :** (1) CBIના પ્રથમ ડિરેક્ટરનું નામ શ્રી ડી. પી. કોહલી છે.
(2) CBIના વર્તમાન (9 ફેબ્રુઆરી, 2020ની સ્થિતિએ) ડિરેક્ટર શ્રી ઋષિ કુમાર શુક્લા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ મુંબઈની કામ્યા કાર્તિકેયન દક્ષિણ અમેરિકાના સૌથી ઉંચા પર્વત શિખર એકોનકાગુઆને સર કરનારી વિશ્વની સૌથી ઓછી ઉંમરની છોકરી બની



મુંબઈની નૌસેનિક સ્કૂલમાં સાતમા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કામ્યા કાર્તિકેયને એકોનકાગુઆ નામનું પર્વત શિખર સર કર્યું છે.

- આ સાથે જ 12 વર્ષીય સુશ્રી કામ્યા કાર્તિકેયન એકોનકાગુઆને સર કરનાર **વિશ્વની સૌથી નાની ઉંમરની છોકરી** બની ગઈ છે.
- એકોનકાગુઆ એ **દક્ષિણ અમેરિકાનું સૌથી ઉંચુ પર્વત શિખર** છે.
- તેની ઉંચાઈ આશરે 6962 મીટર જેટલી છે.

## ICE Questions

1. CBIના જોઈન્ટ ડિરેક્ટર અથવા તો સંયુક્ત ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી ઋષિ કુમાર શુક્લા (B) શ્રી એમ. અજીત કુમાર
   (C) શ્રી મનોજ શશીધર (D) શ્રી મુકેશ રાજપૂત **(C)**

2. CBIના જોઈન્ટ ડિરેક્ટર તરીકે શ્રી મનોજ શશીધરની નિમણૂક કરવામાં આવી છે...શ્રી મનોજ શશીધર કઈ કેડરના 1994ની બેચના IPS ઓફિસર છે ?
   (A) ઉત્તરપ્રદેશ (B) ગુજરાત (C) દિલ્હી (D) બિહાર **(B)**

3. CBIના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાન સાચાં છે ?
   (1) તેની સ્થાપના સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ તરીકે 1941માં થઈ હતી.
   (2) સ્થાપના સમયે તેનું વડું મથક ઈસ્લામાબાદ ખાતે હતું.
   (3) તેનું વર્તમાન વડું મથક નવી દિલ્હીના લોધી રોડ ખાતે આવેલું છે.
   (4) તેનું પૂરું નામ 'Central Bureau of Agency' છે.
   (A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 3 **(D)**

4. CBIનો મોટો અથવા તો તેના આદર્શ વાકયમાં નીચેનામાંથી કયા શબ્દનો સમાવેશ થતો નથી ?
   (A) Industry (B) Impartiality (C) Integrity (D) Investigation **(D)**

5. CBI ભારત સરકારના કયા મંત્રાલયના અધિકારક્ષેત્ર હેઠળ કાર્ય કરે છે ?
   (A) ગૃહ મંત્રાલય (B) રક્ષા મંત્રાલય
   (C) પર્સોનેલ, પબ્લિક ગ્રિવન્સીસ અને પેન્શન મંત્રાલય (D) A અને B બંને

6. તાજેતરમાં દક્ષિણ અમેરિકાના સૌથી ઉંચા પર્વત શિખર એકોનકાગુઆને સર કરનાર વિશ્વની સૌથી નાની ઉંમરની છોકરી કોણ છે ?
   (A) સુશ્રી મેઘા વર્મા (B) સુશ્રી મોના કંધાર
   (C) સુશ્રી કામ્યા કાર્તિકેયન (D) સુશ્રી શ્રેયા બ્રહ્મભટ્ટ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 10 FEBRUARY, 2020 MONDAY

### ➤ દિવસ મહિમા : 10 ફેબ્રુઆરી, વિશ્વ દાળ દિવસ (World Pulses Day)

સમગ્ર વિશ્વમાં દાળોના મહત્ત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 10 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સના Food and Agriculture Organisation (FAO) દ્વારા આ દિવસની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 10 ફેબ્રુઆરી, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા 20 ડિસેમ્બર, 2018ના રોજ આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.

## ➤ સરકારી નોકરી-બઢતીમાં અનામત મૂળભૂત અધિકાર નથી : સુપ્રીમ કોર્ટ



9 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વના ચુકાદામાં જણાવ્યું છે કે, **સરકારી નોકરી-બઢતીમાં અનામત મૂળભૂત અધિકાર નથી.**

- અને નોકરી તથા બઢતીમાં અનામત આપવા માટે રાજ્ય સરકારો બંધાયેલી નથી.
- રાજ્યોને નોકરીમાં અનામત આપવા માટે મજબૂર કરી શકાય નહીં.

### કયા ન્યાયાધીશે આ ચુકાદો આપ્યો હતો ?

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો **જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ** અને **જસ્ટિસ હેમંત ગુપ્તા**એ આ ચુકાદો આપ્યો હતો.

### કયા કેસના સંદર્ભમાં આ ચુકાદો આપ્યો હતો ?

**ઉત્તરાખંડ સરકાર**ના લોક નિર્માણ વિભાગમાં મદદનીશ એન્જિનિયરના પદો પર બઢતીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજના સભ્યો માટે અનામતની અરજીના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

### સુપ્રીમ કોર્ટનું મહત્ત્વનું અવલોકન

રાજ્ય સરકારો અનામત આપવા માટે બંધાયેલી નથી તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

- એવો કોઈ મૂળભૂત અધિકાર નથી, જે કોઈ વ્યક્તિને બઢતીમાં અનામતનો દાવો કરવા માટે વારસામાં મળ્યો હોય.
- અદાલત દ્વારા રાજ્ય સરકારોને અનામત આપવા માટે કોઈ નિર્દેશ આપી શકાય નહિ.
- જોકે, રાજ્ય સરકાર ઈચ્છે તો જાહેર સેવાઓમાં ચોક્કસ વર્ગનું પર્યાપ્ત પ્રતિનિધિત્વ દર્શાવવા માટે ડેટા એકત્ર કરીને નોકરી અને બઢતીમાં અનામતની જોગવાઈ કરી શકે છે. પરંતુ આ બાબત તેના વિવેક પર નિર્ભર કરે છે.
- સુપ્રીમ કોર્ટે આ માટે બંધારણના **અનુચ્છેદ 16(4) અને 16 (4A)**ની જોગવાઈનો ઉલ્લેખ કર્યો હતો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### અનુચ્છેદ 16(4) અને 16(4A)

ભારતીય બંધારણના અનુચ્છેદ 16(4) અને અનુચ્છેદ 16(4A)માં આ પ્રમાણેની જોગવાઈ કરવામાં આવી છે :

(1) **અનુચ્છેદ 16(4) :** રાજ્યના અભિપ્રાય પ્રમાણે રાજ્ય હેઠળની નોકરીઓમાં જેમને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તેવા કોઈ પછાત વર્ગના નાગરિકોના લાભમાં નિમણૂક અથવા જગાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં રાજ્યને આ અનુચ્છેદના કોઈ મજકૂરથી બાધ આવશે નહિ.

(2) **અનુચ્છેદ 16(4A) :** રાજ્યના અભિપ્રાય મુજબ રાજ્ય હેઠળની નોકરીઓમાં જેમને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તેવા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની તરફેણમાં રાજ્ય હેઠળની સેવાઓમાં (કોઈપણ વર્ગ અથવા વર્ગોની જગાઓ પર, પારિણામિક પ્રવરતા સહિત, બઢતી આપવાની બાબતમાં) અનામત રાખવા માટેની કોઈપણ જોગવાઈ કરવામાં રાજ્યને આ અનુચ્છેદના કોઈ મજકૂરથી બાધ આવશે નહિ.

## ➤ અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2020માં ભારતને પરાજય આપી બાંગ્લાદેશ પ્રથમ વખત ચેમ્પિયન

તાજેતરમાં 17 જાન્યુઆરીથી 9 ફેબ્રુઆરી, 2020 દરમિયાન દક્ષિણ આફ્રિકામાં અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2020નું આયોજન થયું હતું.

- વર્ષ 2020માં યોજાયેલો આ 13મો અને દક્ષિણ આફ્રિકામાં યોજાયેલો આ બીજો અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ હતો.
- આ વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ભારતને પરાજય આપીને બાંગ્લાદેશે આ વર્લ્ડ કપ પ્રથમ વખત જીતી લીધો છે.

### ફાઈનલ મેચ

સાઉથ આફ્રિકાના પોસ્ચેસ્ટ્રૂમ ખાતે આવેલા Senwes અથવા તો JB Marks Oval ક્રિકેટ સ્ટેડિયમમાં આ ફાઈનલ મેચ યોજાઈ હતી.

- આ ફાઈનલ મેચમાં બાંગ્લાદેશના શ્રી અકબર અલી 'પ્લેયર ઓફ દ મેચ' બન્યા હતા.

### સેમિફાઈનલ મેચ

આ અગાઉ આ જ સ્ટેડિયમમાં પાકિસ્તાન સામે રમાયેલી સેમિફાઈનલમાં પાકિસ્તાનને પરાજય આપીને ભારતે ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

- પાકિસ્તાન સામેની આ સેમિફાઈનલ મેચમાં ભારતના શ્રી યશસ્વી જયસ્વાલ 'પ્લેયર ઓફ દ મેચ' બન્યા હતા.

### વર્લ્ડ કપમાં એવોર્ડ

આ વર્લ્ડ કપમાં ભારતના શ્રી યશસ્વી જયસ્વાલને 'પ્લેયર ઓફ દ સિરીઝ' એવોર્ડ એનાયત થયો હતો.

- આ વર્લ્ડ કપમાં સૌથી વધુ 400 રન ભારતના શ્રી યશસ્વી જયસ્વાલે જ કર્યા હતા.
- જ્યારે ભારતના શ્રી રવિ બિશ્નોઈએ સૌથી વધુ 17 વિકેટો ઝડપી હતી.



## અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ

અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ 1988થી થયો હતો.

- 1988 બાદ 1998થી દર બે વર્ષે આ વર્લ્ડ કપ યોજાય છે.
- અત્યાર સુધીમાં 13 વખત આ વર્લ્ડ કપનું આયોજન થયું છે.
- જેમાંથી ભારતે સૌથી વધુ 4 વખત આ વર્લ્ડ કપ જીત્યો છે.
- ભારત બાદ બીજા ક્રમે ઓસ્ટ્રેલિયાએ 3 વખત આ વર્લ્ડ કપ જીત્યો છે.

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ 2018માં ન્યુઝીલેન્ડમાં આ વર્લ્ડ કપ યોજાયો હતો. જેમાં ઓસ્ટ્રેલિયાને પરાજય આપીને ભારતે આ વર્લ્ડ કપ જીતી લીધો હતો.

(2) હવે પછી વર્ષ 2022માં વેસ્ટ ઈન્ડિઝમાં આ વર્લ્ડ કપ યોજાશે.

## ICE Questions

1. 'વિશ્વ દાળ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 ફેબ્રુઆરી (B) 9 ફેબ્રુઆરી (C) 10 ફેબ્રુઆરી (D) 11 ફેબ્રુઆરી — (C)

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રથમ 'વિશ્વ દાળ દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ?
(A) 2007 (B) 2017 (C) 2018 (D) 2019 — (D)

3. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના કયા ન્યાયાધીશોએ સરકારી નોકરી-બઢતીમાં અનામત મૂળભૂત અધિકાર નથી એવો ચુકાદો આપ્યો હતો ?
(A) જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ અને જસ્ટિસ હેમંત ગુપ્તા
(B) જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ અને જસ્ટિસ એસ. એ. બોબડે
(C) જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ અને જસ્ટિસ મદન લોકુર
(D) જસ્ટિસ એલ. નાગેશ્વર રાવ અને જસ્ટિસ એ. એસ. બોપન્ના — (A)

4. તાજેતરમાં કઈ રાજ્ય સરકારના અનામતના કેસના સંદર્ભમાં ભારતની સુપ્રીમ કોર્ટે સરકારી નોકરી-બઢતીમાં અનામત મૂળભૂત અધિકાર નથી એવો ચુકાદો આપ્યો હતો ?
(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) ઝારખંડ (D) ઉત્તરાખંડ — (D)

5. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત રાજ્ય સરકાર સરકારી નોકરીઓમાં અનામત અંગેની જોગવાઈ કરી શકે છે ?
(A) અનુચ્છેદ 16(1) અને 16(1A) (B) અનુચ્છેદ 16(2) અને 16(2A)
(C) અનુચ્છેદ 16(3) અને 16(3A) (D) અનુચ્છેદ 16(4) અને 16(4A) — (D)

6. અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2020નું આયોજન ક્યાં થયું હતું ?
(A) બાંગ્લાદેશ (B) ભારત (C) દક્ષિણ આફ્રિકા (D) શ્રીલંકા — (C)

7. અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2020 વિજેતા ટીમનું નામ શું છે ?
(A) બાંગ્લાદેશ (B) ભારત (C) દક્ષિણ આફ્રિકા (D) શ્રીલંકા — (A)

8. તાજેતરમાં કેટલામા અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2020નું આયોજન થયું હતું ?
(A) 10મા (B) 11મા (C) 12મા (D) 13મા — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**9.** બાંગ્લાદેશે કઈ ટીમને પરાજય આપીને અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2020 જીતી લીધો છે ?

(A) ભારત (B) ઓસ્ટ્રેલિયા (C) ઈંગ્લેન્ડ (D) દક્ષિણ આફ્રિકા — **(A)**

**10.** અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપમાં 'પ્લેયર ઓફ ધ સિરીઝ' એવોર્ડ વિજેતા ખેલાડી કોણ છે ?

(A) શ્રી અકબર અલી (B) શ્રી યશસ્વી જયસ્વાલ
(C) શ્રી કરણ વર્મા (D) શ્રી રવિ બિશ્નોઈ — **(B)**

**11.** અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. આ વર્લ્ડ કપ દર 4 વર્ષે યોજાય છે.
2. ભારતે સૌથી વધુ 4 વખત આ વર્લ્ડ કપ જીત્યો છે.

(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ — **(C)**

**12.** અંડર-19 ક્રિકેટ વર્લ્ડ કપ 2022 ક્યાં યોજાશે ?

(A) ભારત (B) બાંગ્લાદેશ (C) વેસ્ટ ઈન્ડિઝ (D) ઓસ્ટ્રેલિયા — **(C)**





GPSC 1/2, STI, PI, PSI/ASI/CONSTABLE, RFO, A.O., ATDO,
તલાટી, જૂ. ક્લાર્ક, બિનસચિવાલય ક્લાર્ક, Dy. SO/Dy. MAM. વગેરે...
2020માં આવનારી તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે
ACTION TO FINAL SELECTION
સ્થળ : ડો. બાબાસાહેબ આંબેડકર કોમ્યુનિટી હોલ, સેક્ટર-12/C, ગાંધીનગર
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
ફ્રી રજિસ્ટ્રેશન ફરજિયાત 81406 - 01110 81407 - 01110

## 11 FEBRUARY, 2020 TUESDAY

### ➢ દિવસ મહિમા : 11 ફેબ્રુઆરી, (1) વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેનો દિવસ (International Day of Women and Girls in Science)
### (2) સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ (Safer Internet Day)

#### International Day of Women and Girls in Science




વિજ્ઞાનના વિકાસમાં મહિલાઓ તથા છોકરીઓના યોગદાનને બિરદાવવા માટે તેમજ તેને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 11 ફેબ્રુઆરીના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- 22 ડિસેમ્બર, 2015ના રોજ યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બ્લી દ્વારા આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2016થી 11 ફેબ્રુઆરીના રોજ દર વર્ષે આ દિવસ ઉજવાય છે.
- વર્ષ 2020ની 'વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેના દિવસ'ની થીમ 'Investment in Equality in Science, Technology and Innovation in the Era of Digitalization for Sustainable Development' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

#### Safer Internet Day

ઈન્ટરનેટના સુરક્ષિત અને શ્રેષ્ઠ ઉપયોગ માટે વિશ્વના અનેક દેશોમાં દર વર્ષે ફેબ્રુઆરી મહિનાના અથવા તો બીજા મહિનાના બીજા અઠવાડિયાના બીજા દિવસે 'Safer Internet Day'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2020માં 11 ફેબ્રુઆરીના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી છે.
- વર્ષ 2020ની 'સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ'ની થીમ 'Together for a better internet' છે.

### ➢ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે યોજાશે સૈન્ય અભ્યાસ 'અજેય વોરિયર 2020'




ભારત અને ઈંગ્લેન્ડની સેનાઓ વચ્ચે 13થી 26 ફેબ્રુઆરી, 2020 દરમિયાન સૈન્ય અભ્યાસ 'અજેય વોરિયર 2020'નું આયોજન કરવામાં આવ્યું છે.

- ઈંગ્લેન્ડના સેલીસ્બરી મેદાનમાં આ સૈન્ય અભ્યાસ યોજાશે.
- આ અભ્યાસમાં ભારત અને ઈંગ્લેન્ડના 120-120 સૈનિકો ભાગ લેશે.
- ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે યોજાઈ રહેલો આ પાંચમો 'અજેય વોરિયર' સૈન્ય અભ્યાસ છે.
- આ સૈન્ય અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ શહેરી અને અર્ધ શહેરી વિસ્તારોમાં આતંકવાદી ગતિવિધિઓનો સામનો કરવાનો છે.

## ➤ દાહોદમાં ગુજરાતના પ્રથમ પ્લાસ્ટિક કાફેનો પ્રારંભ



ગુજરાતમાં પ્રાયોગિક ધોરણે દાહોદમાં ગુજરાતના પ્રથમ પ્લાસ્ટિક કાફેનો પ્રારંભ થયો છે.

- આ પ્લાસ્ટિક કાફેમાં 500 ગ્રામ પ્લાસ્ટિકના કચરાના બદલમાં ચ્હા મળે છે.
- અને 1 કિગ્રા પ્લાસ્ટિકના બદલમાં સમોસા, ભજીયા કે પૌંવા વગેરે નાસ્તો મળે છે.
- આ પ્લાસ્ટિક કાફેનો મુખ્ય ઉદ્દેશ પ્લાસ્ટિક કચરાની સમસ્યાના સમાધાનની સાથે-સાથે સ્વસહાય જૂથની બહેનોને રોજગારી મળે તે છે.
- આ કાફેમાં એકઠું થયેલું પ્લાસ્ટિક તંત્ર દ્વારા વેચવામાં આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EX

અમને વિશ્વાસ છે, અમારી ખાસ તાલીમ આપને ઓફિસર બનાવશે

ગુજરાત સરકારની વર્ગ-૩ની તમામ
નવી ભરતીઓ માટેની વિશેષ બેચ

DISCOUNT 10%

ATDO
તલાટી, જૂ. કલાર્ક, સિ. કલાર્ક
બિનસચિવાલય કલાર્ક

જનરલ બેચ

ફ્રી ટ્રાયલ લેક્ચર
20/02/2020
(ગુરૂવાર)

બપોરે : 1 to 3

વિદ્યુત સહાયક
(Junior Assistant)
PGVCL
MGVCL
DGVCL
UGVCL

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
રાજકોટ

93757-01110 / 93280-01110

સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ,
તિરૂપતી પેટ્રોલ પંપ સામે,
સ્વામિનારાયણ મંદિર પાસે

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | યુનાઈટેડ નેશન્સ દ્વારા 'વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? (A) 9 ફેબ્રુઆરી (B) 10 ફેબ્રુઆરી (C) 11 ફેબ્રુઆરી (D) 12 ફેબ્રુઆરી | (C) |
| 2. | વર્ષ 2020માં 'સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ' અથવા તો 'Safer Internet Day' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી ? (A) 9 ફેબ્રુઆરી (B) 10 ફેબ્રુઆરી (C) 11 ફેબ્રુઆરી (D) 12 ફેબ્રુઆરી | (C) |
| 3. | દર વર્ષે કયો દિવસ 'સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ' તરીકે ઉજવાય છે ? (A) જાન્યુઆરી માસના બીજા વીકનો બીજો દિવસ (B) ફેબ્રુઆરી માસના બીજા વીકનો બીજો દિવસ (C) માર્ચ માસના બીજા વીકનો બીજો દિવસ (D) 11 ફેબ્રુઆરી | (B) |
| 4. | વર્ષ 2020ની 'સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ'ની થીમ શું છે ? (A) Together for a better Internet (B) Better Internet for all (C) Internet for all (D) Better Internet for world | (A) |
| 5. | તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે સૈન્ય અભ્યાસ 'અજેય વોરિયર 2020'નું આયોજન થયું હતું ? (A) ફ્રાન્સ (B) ઈંગ્લેન્ડ (C) ઓસ્ટ્રેલિયા (D) ઈઝરાયેલ | (B) |
| 6. | ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચમા સૈન્ય અભ્યાસ 'અજેય વોરિયર 2020'નું ક્યાં આયોજન થયું હતું ? (A) પૂણે, મહારાષ્ટ્ર (B) એકેતેરીન મેદાન, ઈંગ્લેન્ડ (C) ચેન્નાઈ, તમિલનાડુ (D) સેલીસ્બરી મેદાન, ઈંગ્લેન્ડ | (D) |
| 7. | ગુજરાતના કયા શહેરમાં ગુજરાતના પ્રથમ પ્લાસ્ટિક કાફેનો પ્રારંભ થયો છે ? (A) આણંદ (B) નવસારી (C) દાહોદ (D) અમદાવાદ | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 12 FEBRUARY, 2020 WEDNESDAY

### ➤ 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે મધ્યપ્રદેશને પ્રથમ એવોર્ડ એનાયત

ભારતમાં કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ તેમજ કાપડ મંત્રી **શ્રીમતી સ્મૃતિ ઈરાની** દ્વારા તાજેતરમાં **નવી દિલ્હી**માં આયોજિત એક સમારોહમાં **'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' (PMMVY)** અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે ભારતના રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશો અને જિલ્લાઓને **એવોર્ડ** એનાયત કરવામાં આવ્યા છે.




- આ અંતર્ગત **1 કરોડથી વધુ** વસતી ધરાવતા ભારતના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી **મધ્યપ્રદેશ**ને **પ્રથમ** પુરસ્કાર એનાયત થયો છે.
- જ્યારે **મધ્યપ્રદેશ** બાદ **આંધ્રપ્રદેશ**ને **બીજો** અને **હરિયાણા**ને **ત્રીજો** એવોર્ડ એનાયત થયો છે.

## એક કરોડથી વધુ વસતી ધરાવતા ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને એવોર્ડ

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | મધ્યપ્રદેશ |
| 2 | આંધ્રપ્રદેશ |
| 3 | હરિયાણા |

**એક કરોડથી ઓછી** વસતી ધરાવતા ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં **દાદરા અને નગર હવેલી પ્રથમ** ક્રમે છે.

- જ્યારે **દાદરા અને નગર હવેલી** બાદ **હિમાચલ પ્રદેશ બીજા** અને **ચંદીગઢ ત્રીજા** ક્રમે છે.

## એક કરોડથી ઓછી વસતી ધરાવતા ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને એવોર્ડ

| ક્રમ | રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ |
|---|---|
| 1 | દાદરા અને નગર હવેલી |
| 2 | હિમાચલ પ્રદેશ |
| 3 | ચંદીગઢ |

**એક કરોડથી વધુ** વસતી ધરાવતા ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશના **જિલ્લાઓમાં મધ્યપ્રદેશ**નો **ઈન્દોર** જિલ્લો **પ્રથમ** ક્રમે છે.

- જ્યારે **ઈન્દોર** બાદ **આંધ્રપ્રદેશ**નો **કુર્નૂલ** જિલ્લો **બીજા** અને **આસામ**નો **દક્ષિણ સલમારા મનકાચાર** જિલ્લો **ત્રીજા** ક્રમે છે.

## એક કરોડથી વધુ વસતી ધરાવતા ભારતના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના જિલ્લાઓને એવોર્ડ

| ક્રમ | જિલ્લો | રાજ્ય |
|---|---|---|
| 1 | ઈન્દોર | મધ્યપ્રદેશ |
| 2 | કુર્નૂલ | આંધ્રપ્રદેશ |
| 3 | દક્ષિણ સલમારા મનકાચાર | આસામ |

**એક કરોડથી ઓછી** વસતી ધરાવતા ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશના **જિલ્લાઓમાં મિઝોરમ**નો **સેરછિપ** જિલ્લો **પ્રથમ** ક્રમે છે.

- જ્યારે **સેરછિપ** બાદ **હિમાચલ પ્રદેશ**નો **ઉના** જિલ્લો **બીજા** અને ત્યારબાદ **પુડુચેરી ત્રીજા** ક્રમે છે.

## એક કરોડથી ઓછી વસતી ધરાવતા ભારતના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના જિલ્લાઓને એવોર્ડ

| ક્રમ | જિલ્લો | રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ |
|---|---|---|
| 1 | સેરછિપ | મિઝોરમ |
| 2 | ઉના | હિમાચલ પ્રદેશ |
| 3 | પુડુચેરી | પુડુચેરી |

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## માતૃ વંદના સપ્તાહ 2019

**2થી 8 ડિસેમ્બર, 2019** દરમિયાન ભારતમાં **'માતૃ વંદના સપ્તાહ'**નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ 'માતૃ વંદના સપ્તાહ'ની થીમ **'Towards Building a Healthy Nation - Surakshit Janani, Viksit Dharini'** હતી.
- આ **સપ્તાહ દરમિયાન 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના'** અંતર્ગત શ્રેષ્ઠ કામગીરીમાં **એક કરોડથી વધુ** વસતી ધરાવતા ભારતના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં **આંધ્રપ્રદેશ પ્રથમ** ક્રમે છે.
- જ્યારે **એક કરોડથી ઓછી** વસતી ધરાવતા ભારતના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં **દાદરા અને નગર હવેલી પ્રથમ** ક્રમે છે.

## પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY)

પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના એ પ્રસુતિ દરમિયાન મહિલાઓને લાભ આપતી એક યોજના છે.

- આ યોજના અંતર્ગત **કુટુંબના પ્રથમ જીવિત બાળક** માટે ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાને **રૂ. 5000** આપવામાં આવે છે.
- આ રકમ સીધી જ તેમના બેન્ક અથવા તો પોસ્ટ ખાતામાં જમા થાય છે.
- **1 જાન્યુઆરી, 2017**થી ભારતના તમામ જિલ્લાઓમાં આ યોજના અમલમાં મૂકવામાં આવી હતી.
- ભારતમાં કેન્દ્ર સરકારના **મહિલા અને બાળ વિકાસ મંત્રાલય** દ્વારા આ યોજનાનું સંચાલન કરવામાં આવે છે.
- આ યોજનાનું સંચાલન કેન્દ્ર સરકારના MIS સોફ્ટવેર એપ્લિકેશન દ્વારા થાય છે.
- આ યોજનાના અમલીકરણનું કેન્દ્ર બિન્દુ આંગણવાડી કેન્દ્રો અને આશા/ANM છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે ભારતના 1 કરોડથી વધુ વસતી ધરાવતા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી કોને પ્રથમ એવોર્ડ એનાયત થયો છે ?
(A) મધ્યપ્રદેશ (B) આંધ્રપ્રદેશ (C) હરિયાણા (D) મહારાષ્ટ્ર **(A)**

2. 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે ભારતના 1 કરોડથી ઓછી વસતી ધરાવતા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી કોને પ્રથમ એવોર્ડ એનાયત થયો છે ?
(A) ચંદીગઢ (B) મિઝોરમ (C) દાદરા અને નગર હવેલી (D) હિમાચલ પ્રદેશ **(C)**

3. 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે 1 કરોડથી વધુ વસતી ધરાવતા ભારતના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના જિલ્લાઓમાંથી કોને પ્રથમ એવોર્ડ એનાયત થયો છે ?
(A) સેરછિપ (B) ઈન્દોર (C) કુર્નૂલ (D) ઉના **(B)**

4. 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે 1 કરોડથી ઓછી વસતી ધરાવતા ભારતના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના જિલ્લાઓમાંથી કોને પ્રથમ એવોર્ડ એનાયત થયો છે ?
(A) સેરછિપ (B) ઉના (C) પુડુચેરી (D) કુર્નૂલ **(A)**

5. કેન્દ્ર સરકારની 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' અંતર્ગત પ્રસૂતિ દરમિયાન મહિલાઓને કેટલી સહાય આપવામાં આવે છે ?
(A) રૂ. 5000 (B) રૂ. 6000 (C) રૂ. 7000 (D) રૂ. 10000 **(A)**

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 13 FEBRUARY, 2020 THURSDAY

### ➤ દિવસ મહિમા : 13 ફેબ્રુઆરી, વિશ્વ રેડિયો દિવસ (World Radio Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 13 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ રેડિયો દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- UNESCOની 36મી જનરલ કોન્ફરન્સમાં 3 નવેમ્બર, 2011ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ માટેનો પ્રસ્તાવ સ્પેન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2020ની 'વિશ્વ રેડિયો દિવસ'ની થીમ 'Radio and Diversity' છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ
નવી ભરતીઓ માટેની વિશેષ બેચ

10%
DISSCOUNT

જનરલ બેચ

ફ્રી ટ્રાયલ લેક્ચર
18/02/20
મંગળવાર

સાંજે : 6:30 to 8:30

જુનાગઢ

2nd Floor, Perry plaza Complex,
Near Alkapuri Society,
Zanzarda Road, Junagadh.

76985-01110 / 76986-01110

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

ATDO
તલાટી, જૂ. કલાર્ક,
સિનિયર કલાર્ક
બિનસચિવાલય કલાર્ક
વિદ્યુત સહાયક
(Junior Assistant)

PGVCL, MGVCL
DGVCL, UGVCL

તમામ જૂના વિદ્યાર્થીઓને
50% Discount

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

## ➤ 92મો ઓસ્કાર એવોર્ડ્સ 2020 : સૌપ્રથમ વખત બિન અંગ્રેજી ભાષાની ફિલ્મ 'પેરેસાઈટ'ને મળ્યો બેસ્ટ ફિલ્મનો એવોર્ડ




ફેબ્રુઆરી, 2020 દરમિયાન અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના લોસ એન્જલસ ખાતેના હોલિવુડના ડોલ્બી થિયેટરમાં 92મા એકેડમી એવોર્ડ્સનો વિતરણ સમારોહ યોજાયો હતો.

- આ સમારોહમાં કુલ 24 કેટેગરીમાં વિવિધ એવોર્ડ એનાયત થયા હતા.
- જેમાંથી 'પેરેસાઈટ' (Parasite) નામની દક્ષિણ કોરિયાની ફિલ્મને સૌથી વધુ 4 એવોર્ડ એનાયત થયા હતા.
- જ્યારે બીજા નંબરે '1917' અને 'ફોર્ડ વર્સિસ ફેરારી' (Ford V Ferrari) એમ બંને ફિલ્મોને 3-3 એવોર્ડ પ્રાપ્ત થયા હતા.

**ઓસ્કાર 2020 : સૌથી વધુ એવોર્ડ વિજેતા ફિલ્મ**

| ક્રમ | ફિલ્મ | એવોર્ડ |
|---|---|---|
| 1 | Parasite | 4 |
| 2 | 1917 અને Ford V Ferrari | 3-3 |
| 3 | Joker અને Once Upon a Time in Hollywood | 2-2 |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) 92મા ઓસ્કાર એવોર્ડ માટે 'જોકર' (Joker) નામની ફિલ્મને સૌથી વધુ 11 નોમિનેશન મળ્યા હતા. જેમાંથી તેને 2 ઓસ્કાર મળ્યા હતા.

(2) જ્યારે 'પેરેસાઈટ' (Parasite) ફિલ્મને 6 નોમિનેશન મળ્યા હતા. જેમાંથી તેને 4 ઓસ્કાર એનાયત થયા હતા.

**ઓસ્કાર 2020 : બેસ્ટ ફિલ્મ**



વર્ષ 2020ના ઓસ્કાર એવોર્ડના સમારોહમાં વર્ષ 2019ની બેસ્ટ ફિલ્મનો એવોર્ડ 'પેરેસાઈટ'ને મળ્યો છે.

- આ સાથે જ ઓસ્કાર એવોર્ડના 92 વર્ષના ઈતિહાસમાં 'પેરેસાઈટ' બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મેળવનાર એવી પ્રથમ ફિલ્મ બની ગઈ છે કે જે અંગ્રેજી ભાષાની ફિલ્મ ન હોય.
- અંગ્રેજી સિવાયની કોઈ અન્ય ભાષાની ફિલ્મને 'બેસ્ટ ફિલ્મ'નો એવોર્ડ મળ્યો હોય એવી ઓસ્કારના ઈતિહાસની પ્રથમ ઘટના છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પેરેસાઈટ


**'પેરેસાઈટ'** એ **દક્ષિણ કોરિયા**ની ફિલ્મ છે.

- આ ફિલ્મ **કોરિયન** ભાષામાં બનેલી છે.
- પેરેસાઈટ ફિલ્મમાં સમાજમાં ફેલાયેલી અમીરી-ગરીબીની ખાઈ પર પ્રકાશ નાંખવામાં આવ્યો છે.
- **શ્રી બોન્ગ જૂન હો (Bong Joon Ho)** તેના ડાયરેક્ટર છે.
- જેમની ફિલ્મને 'બેસ્ટ ફિલ્મ'નો ઓસ્કાર એવોર્ડ મળ્યો હોય એવા શ્રી બોન્ગ જૂન **પ્રથમ એશિયન ડાયરેક્ટર** છે.


**નોંધ :** (1) 31 જાન્યુઆરીના રોજ 'પેરેસાઈટ' ભારતના 15 શહેરોના 40 થિયેટરોમાં રિલિઝ થઈ હતી.

(2) આ સાથે જ 'પેરેસાઈટ' **ભારતમાં રિલિઝ થયેલી પ્રથમ કોરિયન ફિલ્મ** બની ગઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## બેસ્ટ ડોક્યુમેન્ટરી




92મા ઓસ્કાર સમારોહમાં **'અમેરિકન ફેક્ટરી'** નામની ડોક્યુમેન્ટરીને **'બેસ્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મ' (Feature)**નો ઓસ્કાર એવોર્ડ એનાયત થયો છે.

- આ ફિલ્મનું નિર્માણ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ **શ્રી બરાક ઓબામા** અને તેમના પત્ની **શ્રીમતી મિશેલ ઓબામા**ની પ્રોડક્શન કંપની 'હાયર ગ્રાઉન્ડ પ્રોડક્શન' દ્વારા થયું હતું.
- જ્યારે **Short Subject**ની કેટેગરીનો **બેસ્ટ ડોક્યુમેન્ટરી**નો એવોર્ડ **'લર્નિંગ ટુ સ્કેટબોર્ડ ઈન અ વોરઝોન (ઈફ યુ આર ગર્લ)'** નામની ડોક્યુમેન્ટરી ફિલ્મને એનાયત થયો છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ઓસ્કાર એવોર્ડ 2020

| ક્રમ | એવોર્ડ | વિજેતા | ફિલ્મ/ડિરેક્ટર |
|---|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | પેરેસાઈટ | શ્રી બોંગ જૂન હો |
| 2 | બેસ્ટ ડિરેક્ટર | શ્રી બોંગ જૂન હો | પેરેસાઈટ |
| 3 | બેસ્ટ એક્ટર | શ્રી જોકીન ફોનિક્સ | જોકર |
| 4 | બેસ્ટ એક્ટ્રેસ | સુશ્રી રેની ઝેલવેગર | જુડી |
| 5 | બેસ્ટ ફોરેન લેન્ગ્વેજ ફિલ્મ (બેસ્ટ ઈન્ટરનેશનલ ફિલ્મ) | પેરેસાઈટ | (દેશ : દક્ષિણ કોરિયા ભાષા : કોરિયન) |
| 6 | બેસ્ટ ડોક્યુમેન્ટરી - ફિચર | અમેરિકન ફેક્ટરી | – |
| 7 | બેસ્ટ ડોક્યુમેન્ટરી - શોર્ટ સબ્જેક્ટ | લર્નિંગ ટુ સ્કેટબોર્ડ ઈન અ વોરઝોન (ઈફ યુ આર ગર્લ) | – |
| 8 | બેસ્ટ એનિમેટેડ ફિલ્મ | ટોય સ્ટોરી - 4 | – |
| 9 | બેસ્ટ ઓરિજનલ સ્ક્રીનપ્લે | પેરેસાઈટ | – |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ઓસ્કાર એવોર્ડ

ઓસ્કાર એવોર્ડ્સને **'એકેડમી એવોર્ડ્સ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- જોકે તેનું ખરું નામ **'એકેડમી એવોર્ડ ઓફ મેરીટ'** છે.
- ઓસ્કાર એવોર્ડ એ ફિલ્મ ક્ષેત્રનો વિશ્વનો સર્વોચ્ચ એવોર્ડ છે.
- **એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિઝ (AMPAS)** દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- સૌપ્રથમ વખત આ એવોર્ડ 16 મે, 1929ના રોજ એનાયત થયો હતો.

**નોંધ :**

(1) સૌથી વધુ કુલ 26 ઓસ્કાર એવોર્ડ વૉલ્ટ ડિઝનીને મળ્યા છે.

(2) જ્યોર્જ બર્નાડ શો એવી એકમાત્ર વ્યક્તિ છે કે જેઓ ઓસ્કાર અને નોબલ એમ વિશ્વકક્ષાના બન્ને એવોર્ડ જીતી ચૂકયા હોય.

(3) વર્ષ 2020ના ઓસ્કાર એવોર્ડ માટે ભારતે ફિલ્મ 'ગલી બોય' (Gully Boy)ને 'બેસ્ટ ઈન્ટરનેશનલ ફિલ્મ'ની કેટેગરીમાં મોકલી હતી. પણ તે ઓસ્કાર એવોર્ડ માટે નોમિનેટ થઈ શકી ન હતી.

## ઓસ્કાર વિજેતા ભારતીય વ્યક્તિઓ

| ક્રમ | નામ | વર્ષ | ફિલ્મ |
|---|---|---|---|
| (1) | શ્રીમતી ભાનુ અથૈયા | 1983 | ગાંધી |
| (2) | શ્રી સત્યજીત રે | 1992 | – |
| (3) | શ્રી રેસુલ પુકુટ્ટી | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (4) | શ્રી એ. આર. રહેમાન | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (5) | શ્રી ગુલઝાર | 2009 | સ્લમડોગ મિલિયોનર |

(1) **શ્રીમતી ભાનુ અથૈયા :** શ્રીમતી ભાનુ અથૈયા ઓસ્કાર એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય વ્યક્તિ છે. તેમને ઈ.સ. 1983માં 'ગાંધી' ફિલ્મ માટે 'બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન'ની કેટેગરીમાં (જ્હોન મોલો સાથે) આ એવોર્ડ એનાયત થયો હતો.

(2) **શ્રી સત્યજીત રે :** બંગાળી ફિલ્મના પ્રસિદ્ધ ડાયરેક્ટર શ્રી સત્યજીત રે ને વર્ષ 1992માં એકેડમી એવોર્ડના લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

(3) **શ્રી રેસુલ પુકુટ્ટી :** તેમને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ સાઉન્ડ મિક્સિંગ'ની કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ એનાયત થયો હતો.

(4) **શ્રી એ. આર. રહેમાન :** શ્રી એ. આર. રહેમાન એક સાથે બે ઓસ્કાર એવોર્ડ મેળવનાર એક માત્ર ભારતીય વ્યક્તિ છે. તેમને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો....શ્રી ગુલઝાર સાથે) અને 'બેસ્ટ ઓરિજનલ સ્કોર'ની કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થયો હતો.

(5) **શ્રી ગુલઝાર :** ગુલઝારને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો.... શ્રી એ. આર. રહેમાન સાથે)ની કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ઓસ્કાર વિજેતા ભારતીય ફિલ્મ

(1) **ગાંધી :** ઓસ્કાર વિજેતા પ્રથમ ભારતીય ફિલ્મ (1983).

(2) **સ્લમડોગ મિલિયોનર :** સૌથી વધુ ત્રણ ઓસ્કાર પુરસ્કાર મેળવનાર ભારતીય ફિલ્મ (2009)

(3) **પીરિયડ. એન્ડ ઓફ સેન્ટેન્સ :** વિદેશી નિર્માતા દ્વારા ભારતમાં બનેલી ફિલ્મ (2019)

## મધર ઈન્ડિયા

શ્રી મહેબૂબ ખાનની ફિલ્મ 'મધર ઈન્ડિયા' એ ઓસ્કાર માટે નોમિનેટ થનાર પ્રથમ ભારતીય ફિલ્મ છે. ઈ.સ. 1958માં 'બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ'ની કેટેગરીમાં તેનું નોમિનેશન થયું હતું.....પરંતુ તેને પુરસ્કાર મળ્યો ન હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

1. 'વિશ્વ રેડિયો દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 11 ફેબ્રુઆરી (B) 12 ફેબ્રુઆરી (C) 13 ફેબ્રુઆરી (D) 14 ફેબ્રુઆરી **(C)**

2. વર્ષ 2020ની 'વિશ્વ રેડિયો દિવસ'ની થીમ શું છે ?
(A) Radio and Sports (B) Youth and Radio
(C) Radio is You (D) Radio and Diversity **(D)**

3. ફેબ્રુઆરી, 2020 દરમિયાન કેટલામા ઓસ્કાર એવોર્ડ સમારોહનું આયોજન થયું હતું ?
(A) 90મા (B) 91મા (C) 92મા (D) 96મા **(C)**

4. અમેરિકાના લોસ એન્જલસ ખાતે આવેલા કયા થિયેટરમાં 92મો ઓસ્કાર એવોર્ડ સમારોહ યોજાયો હતો ?
(A) ડોલી (B) ડેલ્ટા (C) ડોલ્બી (D) ડોલ્ફિન **(C)**

5. સૌપ્રથમ બિન અંગ્રેજી ભાષાની કઈ ફિલ્મને વર્ષ 2020માં 'બેસ્ટ ફિલ્મ'નો ઓસ્કાર એવોર્ડ એનાયત થયો છે ?
(A) 1917 (B) પેરેડાઈઝ (C) જોકર (D) પેરેસાઈટ **(D)**

6. સૌપ્રથમ બિન અંગ્રેજી ભાષાની ફિલ્મ 'પેરેસાઈટ'ને બેસ્ટ ફિલ્મનો ઓસ્કાર પુરસ્કાર એનાયત થયો છે... 'પેરેસાઈટ' કઈ ભાષાની ફિલ્મ છે ?
(A) ચાઈનીઝ (B) જાપાનીઝ (C) ફ્રેન્ચ (D) કોરિયન **(D)**

7. વર્ષ 2020માં કઈ ફિલ્મને સૌથી વધુ 4 ઓસ્કાર એવોર્ડ એનાયત થયા છે ?
(A) 1917 (B) પેરેડાઈઝ (C) જોકર (D) પેરેસાઈટ **(D)**

8. વર્ષ 2020માં કયા દેશની 'પેરેસાઈટ' નામની ફિલ્મને 'બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ' અથવા તો 'બેસ્ટ ઈન્ટરનેશનલ ફિલ્મ'નો એકેડમી એવોર્ડ એનાયત થયો છે ?
(A) ઉત્તર કોરિયા (B) અમેરિકા (C) ગ્રીસ (D) દક્ષિણ કોરિયા **(D)**

9. વર્ષ 2020માં 'બેસ્ટ ડિરેક્ટર'નો ઓસ્કાર એવોર્ડ કોને એનાયત થયો છે ?
(A) શ્રી જોકિન ફોનિક્સ (B) શ્રી બોંગ જૂન હો
(C) સુશ્રી રેની ઝેલવેગર (D) શ્રી ટોલ્સ બી. કેઈન **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 14 FEBRUARY, 2020 FRIDAY

### ➤ દિવસ મહિમા : 14 ફેબ્રુઆરી, માતૃપિતૃ પૂજન દિવસ

ભારતમાં દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન્સ ડે'ના વિકલ્પ તરીકે 'માતૃપિતૃ પૂજન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસે ગુજરાત સહિત ભારતના કેટલાક રાજ્યોની સ્કૂલોમાં સ્કૂલના બાળકો દ્વારા તેમના માતા-પિતાની પૂજા કરવામાં આવે છે.
- ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ 2007થી થયો હતો.

**નોંધ :** (1) વિશ્વના અનેક દેશોમાં દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.
(2) સંત વેલેન્ટાઈન્સની યાદમાં ઉજવાતા આ દિવસને 'સંત વેલેન્ટાઈન્સ ડે' તરીકે પણ ઓળખવામાં આવે છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ સૂર્યના અભ્યાસ માટે NASA-ESAનું Solar Orbiter લોન્ચ



10 ફેબ્રુઆરી, 2020ના રોજ **અમેરિકા**ની અવકાશ સંસ્થા **NASA** અને યુરોપની સ્પેસ એજન્સી **ESA (European Space Agency)** દ્વારા સંયુક્ત રીતે **સૂર્યના અભ્યાસ** માટે **'Solar Orbiter'** લોન્ચ કરવામાં આવ્યું છે.

- 'Solar Orbiter'એ સૂર્યના અભ્યાસ માટેનો એક **ઉપગ્રહ** છે.
- **અમેરિકા**ના **ફ્લોરિડા** નામના રાજ્યમાં આવેલા **કેપ કેનવેરલ એર ફોર્સ સ્ટેશન** ખાતેથી **Atlas V 411** નામના રોકેટની મદદથી આ ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે.
- તેનું મિશન આયુષ્ય **7 વર્ષનું** છે. જેને **3 વર્ષ** સુધી વધારી શકાય છે.
- આ ઓર્બિટરની મુખ્ય વિશેષતા એ છે કે આ ઓર્બિટરને **સૂર્યના ધ્રુવ પ્રદેશોના અભ્યાસ માટે** લોન્ચ કરવામાં આવ્યું છે.
- આથી, આ સોલાર ઓર્બિટરની મદદથી સૂર્યના ધ્રુવ પ્રદેશોની તસવીરો પ્રથમ વખત પૃથ્વી પર ઉપલબ્ધ થશે.
- અને સૂર્યના ધ્રુવ પ્રદેશો વિશે અગત્યની માહિતી ઉપલબ્ધ થશે.
- સૂર્યના ધ્રુવ પ્રદેશોના અભ્યાસ ઉપરાંત સોલાર પવનો અને સૂર્યની આંતરિક રચના વિશેના અભ્યાસ માટે પણ આ ઓર્બિટર અથવા તો સેટેલાઈટ ઉપયોગી થશે.
- આ મિશન પાછળ અંદાજે **1.5 બિલિયન ડોલર** જેટલો ખર્ચ થશે.

## ➤ શ્રી મનપ્રીત સિંહ FIH Player of the Year Award જીતનાર ભારતના પ્રથમ હોકી ખેલાડી બન્યા



**FIH** અથવા તો **International Hockey Federation** દ્વારા ભારતીય હોકી ટીમના કપ્તાન **શ્રી મનપ્રીત સિંહ**ને **વર્ષ 2019**નો **'પ્લેયર ઓફ ધ યર'** એવોર્ડ એનાયત થયો છે.

- આ સાથે જ **શ્રી મનપ્રીત સિંહ** આ એવોર્ડ જીતનાર ભારતના **પ્રથમ હોકી ખેલાડી** બની ગયા છે.
- શ્રી મનપ્રીત સિંહ વર્ષ 2017થી ભારતીય હોકી ટીમના કેપ્ટન છે.
- 26 જૂન, 1992ના રોજ **પંજાબ**ના **જાલંધર**માં તેમનો જન્મ થયો હતો.

### Young Player of the Year

FIH દ્વારા ભારતના જ **શ્રી વિવેક પ્રસાદ**ને વર્ષ **2019**નો **'યંગ પ્લેયર ઓફ ધ યર'** અથવા તો **'રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર'** એવોર્ડ એનાયત થયો છે.

- આ સાથે જ **શ્રી વિવેક પ્રસાદ** આ એવોર્ડ જીતનાર **ભારતના પ્રથમ હોકી ખેલાડી** બની ગયા છે.
- શ્રી વિવેક પ્રસાદ **મધ્યપ્રદેશ**ના હોકી ખેલાડી છે.
- તેમનો જન્મ 25 ફેબ્રુઆરી, 2000ના રોજ **મધ્યપ્રદેશ**ના **હોસંગાબાદ** જિલ્લાના **ચંદોન** નામના ગામમાં થયો હતો.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## Young Women Player of the Year

FIH દ્વારા ભારતના જ સુશ્રી લાલરેમસિઆમીને વર્ષ 2019નો 'યંગ વુમેન પ્લેયર ઓફ ધ યર' અથવા તો 'વુમેન રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર' એવોર્ડ એનાયત થયો છે.

- આ સાથે જ સુશ્રી લાલરેમસિઆમી આ એવોર્ડ જીતનાર ભારતના પ્રથમ હોકી ખેલાડી બની ગયા છે.
- સુશ્રી લાલરેમસિઆમીનો જન્મ 30 માર્ચ, 2000ના રોજ ભારતના મિઝોરમમાં થયો હતો.

### FIH પ્લેયર ઓફ ધ યર 2019 વિજેતા ભારતીય ખેલાડીઓ

| ક્રમ | એવોર્ડ | વિજેતા | રાજ્ય |
|---|---|---|---|
| 1 | પ્લેયર ઓફ ધ યર | શ્રી મનપ્રીત સિંહ | પંજાબ |
| 2 | યંગ પ્લેયર ઓફ ધ યર | શ્રી વિવેક પ્રસાદ | મધ્યપ્રદેશ |
| 3 | યંગ વુમેન પ્લેયર ઓફ ધ યર | સુશ્રી લાલરેમસિઆમી | મિઝોરમ |

## FIH

FIHનું પૂરું નામ Federation Internationale de Hockey છે.

- તેને અંગ્રેજીમાં International Hockey Federation તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય સ્તરે હોકીનું સંચાલન FIH દ્વારા કરવામાં આવે છે.
- FIHની સ્થાપના 7 જાન્યુઆરી, 1924ના રોજ થઈ હતી.
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના લુઝાને (Lausanne) ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

1. ભારતમાં 'માતૃપિતૃ પૂજન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 13 ફેબ્રુઆરી (B) 14 ફેબ્રુઆરી (C) 15 ફેબ્રુઆરી (D) 16 ફેબ્રુઆરી — (B)

2. તાજેતરમાં નાસા દ્વારા સૂર્યના અભ્યાસ માટે કયો ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે ?
   (A) ICESat (B) Lunar Orbiter (C) SolarSat (D) Solar Orbiter — (D)

3. સૂર્યના અભ્યાસ માટે નાસા દ્વારા કયા રોકેટની મદદથી Solar Orbiter લોન્ચ કરવામાં આવ્યું છે ?
   (A) Saturn V (B) Atlas V (C) Scout V (D) Thor V — (B)

4. અમેરિકાના કયા રાજ્યમાં આવેલા કેપ કેનવેરલ એર ફોર્સ સ્ટેશન પરથી નાસા દ્વારા 'સોલાર ઓર્બિટર' લોન્ચ કરવામાં આવ્યું છે ?
   (A) ફ્લોરિડા (B) કેલિફોર્નિયા (C) ટેક્સાસ (D) વોશિંગ્ટન — (A)

5. FIH અથવા તો 'આંતરરાષ્ટ્રીય હોકી સંઘ'ના 'પ્લેયર ઓફ ધ યર એવોર્ડ' વિજેતા પ્રથમ ભારતીય ખેલાડી કોણ છે ?
   (A) મેજર ધ્યાનચંદ (B) શ્રી ધનરાજ પિલ્લાઈ
   (C) શ્રી બલબિર સિંહ (D) શ્રી મનપ્રીત સિંહ — (D)

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

| | | |
|---|---|---|
| 6. | FIH દ્વારા વર્ષ 2020નો 'યંગ પ્લેયર ઓફ ધ યર' એવોર્ડ કયા ખેલાડીને એનાયત થયો છે ?<br>(A) શ્રી મનપ્રીત સિંહ (B) શ્રી વિશ્વાસ યાદવ<br>(C) શ્રી વિકાસ યાદવ (D) શ્રી વિવેક પ્રસાદ | (D) |
| 7. | આંતરરાષ્ટ્રીય હોકી સંઘનો વર્ષ 2020નો 'યંગ વુમેન પ્લેયર ઓફ ધ યર' એવોર્ડ કોને એનાયત થયો છે ?<br>(A) સુશ્રી મલ્લામલામસિઆમી (B) સુશ્રી મલ્લારેમસિઆમી<br>(C) સુશ્રી લાલરેમસિઆમી (D) સુશ્રી લાલમલામસિઆમી | (C) |
| 8. | શ્રી વિવેક પ્રસાદ કઈ રમત સાથે સંકળાયેલા છે ?<br>(A) ક્રિકેટ (B) હોકી (C) ટેનિસ (D) ફૂટબોલ | (B) |
| 9. | સુશ્રી લાલરેમસિઆમી કયા રાજ્યના ખેલાડી છે ?<br>(A) મણિપુર (B) ત્રિપુરા (C) મિઝોરમ (D) સિક્કિમ | (C) |

## 15 FEBRUARY, 2020 SATURDAY

### ➤ ભારતમાં નવી દિલ્હી ખાતે માદક પદાર્થોની હેરફેર રોકવા અંગેની બિમ્સ્ટેક (BIMSTEC)ના સહયોગી દેશોની કોન્ફરન્સ યોજાઈ

13-14 ફેબ્રુઆરી, 2020 દરમિયાન ભારતમાં નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે બિમ્સ્ટેકના સહયોગી દેશોની એક કોન્ફરન્સનું આયોજન થયું હતું.

- આ કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ માદક પદાર્થોની હેરફેર રોકવા અંગેનો હતો.
- ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે આ કોન્ફરન્સનો શુભારંભ કરાવીને તેને સંબોધન કર્યું હતું.

### BIMSTEC DISASTER MANAGEMENT EXERCISE 2020

ભારતમાં ઓડિશાના પૂરી ખાતે આવેલા રામચંડી બીચ પર 'બિમ્સ્ટેક આપત્તિ પ્રબંધન અભ્યાસ 2020'નું આયોજન થયું હતું.

- જે બિમ્સ્ટેકનો બીજો 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ અભ્યાસ' હતો.
- ભારતના ગૃહ રાજ્યમંત્રી શ્રી નિત્યાનંદ રાયે 12 ફેબ્રુઆરી, 2020ના રોજ આ અભ્યાસનો શુભારંભ કરાવ્યો હતો.
- ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેના આ અભ્યાસમાં બિમ્સ્ટેક દેશોના પ્રતિનિધિઓ અને બચાવ ટીમોએ ભાગ લીધો હતો.

### BIMSTEC

બિમ્સ્ટેક એ બંગાળની ખાડીમાં વસતા સાત દેશોનું સંગઠન છે.

- બિમ્સ્ટેકનો મુખ્ય ઉદ્દેશ બંગાળની ખાડીમાં રહેલા દેશો વચ્ચે ટેક્નીકલ અને આર્થિક સહયોગનો છે.
- આ ઉદ્દેશની પૂર્તિ માટે 6 જૂન, 1997ના રોજ 'બેંગકોક ઘોષણાપત્ર' અંતર્ગત બિમ્સ્ટેકની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
- બિમ્સ્ટેકમાં કુલ સાત સભ્ય દેશો છે.
- તેના સાત સભ્ય દેશોમાં ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે.
- BIMSTECનું પૂરું નામ 'Bay of Bengal Initiative for Multi-Sectoral Technical and Economic Cooperation' છે.
- બિમ્સ્ટેકના સભ્ય દેશોની કુલ વસતી 1.5 અબજ છે. જે વિશ્વની વસતીના 21 ટકા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ફેબ્રુઆરી 2020 દરમિયાન માદક પદાર્થોની હેરફેર રોકવા અંગે બિમ્સ્ટેકના સહયોગી દેશોની કોન્ફરન્સ ક્યાં યોજાઈ હતી ?
(A) કાઠમંડુ (B) ઢાકા (C) નવી દિલ્હી (D) રંગૂન **(C)**

2. ફેબ્રુઆરી 2020 દરમિયાન કઈ જગ્યાએ યોજાયેલી બિમ્સ્ટેકના સહયોગી દેશોની કોન્ફરન્સનો ગૃહમંત્રી શ્રી અમિત શાહે શુભારંભ કરાવ્યો હતો ?
(A) ગાંધીનગર (B) બેંગાલુરુ (C) નવી દિલ્હી (D) પૂણે **(C)**

3. 'બિમ્સ્ટેક ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્સરસાઈઝ 2020' અથવા તો 'બિમ્સ્ટેક આપત્તિ પ્રબંધન અભ્યાસ 2020'નું આયોજન ક્યાં થયું હતું ?
(A) આસામ (B) ઓડિશા (C) મહારાષ્ટ્ર (D) તમિલનાડુ **(B)**

4. ઓડિશાના પૂરી ખાતે આવેલા કયા બીચ પર 'બિમ્સ્ટેક આપત્તિ પ્રબંધન અભ્યાસ 2020'નું આયોજન થયું હતું ?
(A) રામચંડી બીચ (B) રામામંડી બીચ (C) રામસખી બીચ (D) રામરાહી બીચ **(A)**

5. બિમ્સ્ટેકના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. બિમ્સ્ટેક એ બંગાળની ખાડીમાં વસતા સાત દેશોનું સંગઠન છે.
2. 6 જૂન, 1997ના રોજ 'બેંગકોક ઘોષણા પત્ર' અંતર્ગત તેની સ્થાપના થઈ હતી.
3. તેનું વડું મથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

6. બિમ્સ્ટેકના સાત સભ્ય દેશોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) ભૂટાન (B) મ્યાનમાર (C) થાઈલેન્ડ (D) ઈન્ડોનેશિયા **(D)**

7. BIMSTECનું પૂરું નામ શું છે ?
(A) Bay of Bengal Initiative for Multi Sectoral Technical and Economic Corporation
(B) Bay of Bengal Initiative for Multi Sectoral Technical and Economic Corridor
(C) Bay of Bengal Initiative for Multi Sectoral Technical and Economic Cooperation
(D) Bay of Bengal Initiative for Multi Sectoral Technical and Economic Centre **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ વાલના દાણા પર ચિત્રો કંડારનાર ચિત્રકાર શ્રી જયંતિલાલ રાણપરાનું નિધન

ગુજરાતના રાજકોટના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જયંતિલાલ રાણપરાનું નિધન થયું છે. તેઓ વાલના દાણા પર વિશ્વવિભૂતિઓના ચિત્રો કંડારવા માટે પ્રસિદ્ધ હતા. તેમણે વાલના દાણા પર જલરંગોથી મહાત્મા ગાંધીજીથી લઈને શ્રીમતી ઈન્દિરા ગાંધી તેમજ રાણી એલિઝાબેથ સહિત વિશ્વના અનેક મહાનુભાવોના ચિત્રો કંડાર્યા હતા.

## ભારત

### ➤ પૂર્વ ભારતીય ક્રિકેટર શ્રી રોબિન સિંઘની UAEના ક્રિકેટ કોચ તરીકે નિમણૂક

ભારતના પૂર્વ ઓલ રાઉન્ડર ક્રિકેટર શ્રી રોબિન સિંઘની UAE એટલે કે United Arab Emiratesના ક્રિકેટ કોચ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ માટે શ્રી રોબિન સિંઘને સંયુક્ત આરબ અમિરાતના ક્રિકેટ બોર્ડ Emirates Cricket Board (ECB) દ્વારા ક્રિકેટ ડાયરેક્ટરનો હોદ્દો આપવામાં આવ્યો છે. UAEના નવા ક્રિકેટ ડાયરેક્ટર તરીકે શ્રી રોબિન સિંઘ શ્રી ડગી બ્રાઉનનું સ્થાન લેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

### ➤ WHO દ્વારા કોરોના વાયરસને નવું નામ 'COVID-19' આપવામાં આવ્યું

તાજેતરમાં ચીન સહિત વિશ્વના અનેક દેશોમાં ફેલાયેલા કોરોના વાયરસને WHO એટલે કે World Health Organisation દ્વારા 'COVID-19' નામ આપવામાં આવ્યું છે. 'COVID-19'નું પૂરું નામ 'COrona VIrus Disease 2019' છે.

### ➤ શ્રી ઋષિ સુનક બ્રિટનના નાણામંત્રી બનનાર ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ બન્યા

બ્રિટનમાં ભારતીય મૂળના શ્રી ઋષિ સુનકની બ્રિટનના નવા નાણામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ સાથે જ શ્રી ઋષિ સુનક બ્રિટનના નાણામંત્રી બનનાર ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ બની ગયા છે. તેઓ પાકિસ્તાનના શ્રી સાજીદ જાવીદના સ્થાને બ્રિટનના નવા નાણામંત્રી બનશે. શ્રી ઋષિ સુનક ભારતમાં ઈન્ફોસિસના સ્થાપક શ્રી નારાયણ મૂર્તિના જમાઈ છે.

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE ? Questions

- ગુજરાતના રાજકોટના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જયંતિલાલ રાણપરાનું તાજેતરમાં નિધન થયું છે....તેઓ શેના પર ચિત્રો દોરવા માટે પ્રસિદ્ધ હતા ? – વાલના દાણા પર
- UAE અથવા તો યુનાઈટેડ આરબ અમિરાતની ક્રિકેટ ટીમના કોચ તરીકે અથવા તો ક્રિકેટ ડાયરેક્ટર તરીકે ભારતના કયા ક્રિકેટરની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી રોબિન સિંઘ
- WHO દ્વારા કોરોના વાયરસને ક્યું નવું નામ આપવામાં આવ્યું છે ? – COVID-19
- COVID-19નું પૂરું નામ શું છે ? – CoronaVirus Disease 2019
- બ્રિટનના નવા નાણામંત્રી તરીકે ભારતીય મૂળના કયા વ્યક્તિની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી ઋષિ સુનક
- બ્રિટનના નાણામંત્રી બનનાર ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ કોણ છે ? – શ્રી ઋષિ સુનક અથવા તો શ્રી રિષિ સુનક

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


GPSCદ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

GPSC
ADVANCE BATCH

883+ ભરતી જાહેર

CLASS 1/2 • P.I. • S.T.I. • DY.SO • DY.MAM.
RFO • ACCOUNT OFFICER etc...

32+ Weekly Test
FREE MEGA MOCK TEST SERIES

બેઝિકથી ડેપ્થ સુધીની સંપૂર્ણ તૈયારી

પ્રિલિમ્સ અને મેઈન્સની સંયુક્ત તૈયારી

UPSC લેવલ Detail Study Materials

FACTSની સાથે CONCEPT આધારિત તૈયારી

GPSC CLASS 1 / 2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ

GPSC CLASS 1 / 2 ઓફિસર બનેલા ટોપર્સ વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન

કરંટ અફેર્સના સ્પેશિયલ લેક્ચર

10% DISCOUNT

ફ્રી ટ્રાયલ લેક્ચર

20-02-2020
સાંજે 6 થી 8
અમદાવાદ
84695-01110

નવી બેચ શરૂ
સવારે 7:30 થી 9:30
રાજકોટ
93757-01110

20-02-2020
સવારે 8 થી 10
ગાંધીનગર
81406-01110

રજિસ્ટ્રેશન ફરજિયાત

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કઈ જગ્યાએ આયોજિત 'ઈટી ગવર્નમેન્ટ - અર્બન ટ્રાન્સફર્મેશન એન્ડ ગવર્નન્સ સમિટ 2020'ને સંબોધન કર્યું હતું ? – સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ
2. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી કઈ પબ્લિક બાઈક શેરિંગ સિસ્ટમનું લોકાર્પણ કર્યું હતું ? – AMDABIKE
3. અમદાવાદમાં લો ગાર્ડન ખાતે તૈયાર થયેલ ખાણી પીણી માટેની કઈ નવી મોડર્ન હાઈજેનિક સ્ટ્રીટનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે લોકાર્પણ થયું છે ? – હેપ્પી સ્ટ્રીટ
4. ભારત સરકારના ખાણ મંત્રાલય હેઠળના ભારતીય ખાણ બ્યુરો દ્વારા 12થી 14 ફેબ્રુઆરી, 2020 દરમિયાન 28મી અખિલ ભારતીય રમત-ગમત સ્પર્ધા 2019-20નું આયોજન ક્યાં થયું છે ? – ગાંધીનગર
5. કેન્દ્ર સરકારના 'નેશનલ આયુષ મિશન' અંતર્ગત ગુજરાતના કેટલા ગામોને 'આયુષ ગ્રામ યોજના' માટે પસંદ કરવામાં આવ્યા છે ? – 20
(આ અંતર્ગત અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાનું શિયાળ ગામ સંપૂર્ણ આયુષ ગામ બન્યું છે.)
6. ભારતમાં ડ્રગ એન્ડ મેજીક રેમેડીઝ (વાંધાજનક વિજ્ઞાપન ધારા) 1954માં સુધારો કરવાના મુસદ્દામાં...ટાલમાં વાળ ઉગાડવા, ગોરા થવા, યાદશક્તિ વધારવી...વગેરે જેવી નાગરિકોને ગેરમાર્ગે દોરતી જાહેરખબર માટે આરોગ્ય મંત્રાલયે કઈ સજાની જોગવાઈ કરી છે ? – પાંચ વર્ષ સુધીની જેલ અને રૂ. 50 લાખ સુધીનો દંડ
7. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકાર દ્વારા સરકારી કર્મચારીઓને રવિવાર ઉપરાંત દર શનિવારે પણ (એટલે કે શનિ-રવિની) રજા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – મહારાષ્ટ્ર
8. ટેરર ફન્ડિંગ કેસમાં પાકિસ્તાનની કોર્ટે કયા આતંકવાદીને 11 વર્ષની કેદ અને 30 હજારનો દંડ ફટકાર્યો છે ? – હાફિઝ સઈદ
9. નાગરિકતા સુધારા કાનૂન (CAA) વિરોધી દેખાવો માટે પ્રસિદ્ધ થયેલો શાહીનબાગ વિસ્તાર ભારતના કયા શહેરમાં આવેલો છે ? – નવી દિલ્હી
10. તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના કયા ક્રિકેટરને 'ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ઓફ ધ યર' એવોર્ડ એનાયત થયો છે ? – શ્રી ડેવિડ વોર્નર
(શ્રી સ્ટીવ સ્મિથને એક વોટથી પરાજય આપીને શ્રી ડેવિડ વોર્નરે આ એવોર્ડ જીત્યો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. **10 ફેબ્રુઆરી, 2020થી રશિયાના કયા ટ્રેનિંગ સેન્ટરમાં ભારતના સમાનવ અવકાશ મિશન 'ગગનયાન'ના સંભવિત અવકાશયાત્રીઓની ટ્રેઈનિંગ શરૂ થઈ ગઈ છે ?** – ગાગરીન કોસ્મોનોટ ટ્રેનિંગ સેન્ટર

12. **તાજેતરમાં ચીનમાં ફેલાયેલા કોરોના વાયરસની સૌપ્રથમ આગાહી કરનારા કયા ડોક્ટરની ધરપકડ બાદ તેમનું નિધન થતાં વિવાદ સર્જાયો છે ?** – ડૉ. લી વેનલિયાંગ

13. **તાજેતરમાં કયા દેશના ફાસ્ટ બોલર નસીમ શાહે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી નાની વયે હેટ્રિક લેવાનો રેકોર્ડ બનાવ્યો છે ?** – પાકિસ્તાન

14. **કોરોના વાયરસ જેવી જ કઈ બિમારીથી વર્ષ 2002-2003 દરમિયાન ચીન અને હોંગકોંગમાં આશરે 770થી વધુ લોકોના મૃત્યુ થયા હતા ?** – સાર્સ

15. **ગુજરાતના કયા પ્રસિદ્ધ મંદિરમાં દર વર્ષે મહાસુદ પૂનમના રોજ સાકર વર્ષાની ઉજવણી કરવામાં આવે છે ?** – શ્રી સંતરામ મંદિર, નડિયાદ

(એવું કહેવાય છે કે શ્રી સંતરામ મહારાજે મહાસુદ પૂનમના રોજ આજથી લગભગ 189 વર્ષ અગાઉ જ્યારે સમાધિ લીધી હતી ત્યારે આકાશમાંથી સાકર વર્ષા થઈ હતી અને જ્યોત પ્રગટી હતી. આથી ત્યારથી આ ઉજવણી કરવામાં આવે છે.)

16. **CAA અથવા તો 'સિટિઝનશિપ (એમેન્ડમેન્ટ) એક્ટ, 2019'ના સમર્થનમાં 13 ફેબ્રુઆરી, 2020ના રોજ ગુજરાતના કયા શહેરમાં યોજાયેલી તિરંગાયાત્રાનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શુભારંભ કરાવ્યો હતો ?** – રાજકોટ

(રાજકોટમાં આશરે 2 કિલોમીટર લાંબા તિરંગા સાથે આ તિરંગાયાત્રા નીકળી હતી.)

17. **એર ઈન્ડિયાના નવા ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?** – શ્રી રાજીવ બંસલ

(શ્રી રાજીવ બંસલ એર ઈન્ડિયાના નવા CEO અને MD તરીકે શ્રી અશ્વની લોહાનીનું સ્થાન લેશે.)

18. **વર્ષ 2020-21થી ગુજરાતની તમામ શાળાઓમાં કયા ધોરણ સુધીની તમામ પરીક્ષાઓ રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવશે ?** – ધોરણ 3થી 12 સુધીની

19. **સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર ભારતમાં કયા સમય બાદ કાર સહિતના BS-4 વાહનો વેચી શકાશે નહિ ?** – 31 માર્ચ, 2020 બાદ

20. **12 ફેબ્રુઆરી, 2020ના રોજ કઈ જગ્યાએ યોજાયેલી 'ઈન્ડિયા એક્શન પ્લાન - 2020' સમિટને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંબોધન કર્યું હતું ?** – નવી દિલ્હી

(નવી દિલ્હી ખાતે ખાનગી ટી.વી. ચેનલ 'ટાઈમ્સ નાઉ' દ્વારા આ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.)

21. **13 ફેબ્રુઆરી, 2020ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ભારતીય સેનાની કઈ કમાનને President's Colour (રાષ્ટ્રપતિ કલર) તથા ધ્વજ એનાયત કર્યો છે ?** – INS શિવાજી, લોનાવાલા (મહારાષ્ટ્ર)

('પ્રેસિડેન્ટ કલર' એ સર્વોચ્ચ સન્માન છે, જે કોઈ પણ સૈન્ય કમાનને આપવામાં આવે છે. INS શિવાજીની સ્થાપના 1945માં થઈ હતી. તાજેતરમાં તેની પ્લેટિનમ જ્યુબિલીની અથવા તો 75 વર્ષની ઉજવણી કરવામાં આવી છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

22. ભારતમાં કઈ ખાણોને સ્ટાર રેટિંગ આપવા માટે વેબ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે ? – કોલસાની ખાણોને
(કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી શ્રી પ્રહલાદ જોશીએ નવી દિલ્હી ખાતે આ વેબ પોર્ટલનો શુભારંભ કરાવ્યો હતો.)

23. ભારતમાં કઈ સંસ્થાનું નામ બદલીને 'Arun Jaitley National Institute of Financial Management - AJNIFM' (અરૂણ જેટલી રાષ્ટ્રીય નાણાકીય વ્યવસ્થાપન સંસ્થા) કરવામાં આવ્યું છે ?
– National Institute of Financial Management (NIFM), Faridabad

24. ભારતમાં નવી દિલ્હી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતની જાહેર ક્ષેત્રની કઈ ત્રણ વીમા કંપનીઓ માટે મૂડી ઉપલબ્ધ કરાવવાની તથા તેમને તાત્કાલિક રૂ. 2500 કરોડ આપવાની મંજૂરી આપવામાં આવી છે ? – OICL, NICL અને UIICL
(OICLનું પૂરું નામ Oriental Insurance Comany Limited, NICLનું પૂરું નામ National Insurance Company Limited અને UIICLનું પૂરું નામ United India Insurance Company Limited છે.)

25. ભારતમાં 15મા નાણાં પંચ દ્વારા સંરક્ષણ અને આંતરિક સુરક્ષા અંગે કોની અધ્યક્ષતામાં પાંચ સભ્યોના એક ગ્રૂપની રચના કરવામાં આવી છે ? – શ્રી એન. કે. સિંઘ (15મા નાણા પંચના અધ્યક્ષ)

JOIN Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સૌથી વધુ ઉમેદવારોને સૌથી ઊંચી સફળતા
અપાવનાર સંસ્થા

2020

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# A COACHING CLASS FOR GOVERNMENT JOB

## ગાંધીનગર

Gh-2, Sector-6, 2nd Floor,
Near Iscon Gathiya,
Gandhinagar-382006

CALL : 81406-01110 / 81407-01110

## રાજકોટ

**HEAD OFFICE**
SHREE SADGURU SHOPPING CENTRE,
2nd FLOOR, Nr. AKSHAR MANDIR, OPP. TIRUPATI
PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT

MO. 93757-01110 / 93280-01110

## જૂનાગઢ

Perry Plaza Complex, 2nd Floor,
Near Alkapuri Society, Zanzarda
Road, Junagadh - 3620001

CALL : 76985-01110/76986-01110

## અમદાવાદ

127, Ratna Business Square, Old Natraj
Cinema, Opp. H.K. Collage, Ashram Road,
Ahmedabad - 380009

CALL : 8469501110/8469601110

## ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- STI
- PI
- PSI/ASI
- Dy. S.O.
- Dy.MAM.
- TALATI
- CONSTABLE
- IBPS
- SBI
- PO
- CLERK

Website iceonline.in | JOIN TELEGRAM t.me\icerajkotofficial | YouTube icerajkot | Facebook icerajkot | INSTAGRAM icerajkot